# નરસિંહ મહેતા એવોર્ડ

નરસિંહ મહેતા એવોર્ડ એ પ્રતિવર્ષ એનાયત કરવામાં આવતો ગુજરાતી સાહિત્ય ક્ષેત્રનો સૌથી મોટો પુરસ્કાર (એવોર્ડ) છે. આ પુરસ્કાર ગુજરાત રાજ્યના જુનાગઢ ખાતેના આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ દ્વારા શરદ પૂર્ણિમાની સાંજે રૂપાયતન સંસ્થા, ભવનાથ ખાતે આપવામાં આવે છે. આ એવોર્ડ આપવાની શરૂઆત ઈ. સ. ૧૯૯૯નાં વર્ષથી કરવામાં આવી છે. આ સન્માનમાં મહાનુભાવને ₹૧,૫૧,૦૦૦ (એક લાખ એકાવન હજાર) રૂપિયા રોકડા તેમજ નરસિંહ મહેતાની પ્રતિમાનું સ્મૃતિચિન્હ આપવામાં આવે છે.

## નરસિંહ મહેતા એવોર્ડથી સન્માનિત સાહિત્યકારો

- વર્ષ ૧૯૯૯ - રાજેન્દ્ર શાહ
- વર્ષ ૨૦૦૦ - મકરંદ દવે
- વર્ષ ૨૦૦૧ - નિરંજન ભગત
- વર્ષ ૨૦૦૨ - અમૃત ઘાયલ
- વર્ષ ૨૦૦૩ - જયંત પાઠક
- વર્ષ ૨૦૦૪ - રમેશ પારેખ
- વર્ષ ૨૦૦૫ - ચંદ્રકાન્ત શેઠ
- વર્ષ ૨૦૦૬ - રાજેન્દ્ર શુક્લ
- વર્ષ ૨૦૦૭ - સુરેશ દલાલ
- વર્ષ ૨૦૦૮ - ચિનુ મોદી
- વર્ષ ૨૦૦૯ - ભગવતીકુમાર શર્મા
- વર્ષ ૨૦૧૦ - અનિલ જોશી
- વર્ષ ૨૦૧૧ - ભાનુપ્રસાદ પંડ્યા